| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૩–૧૧–૨૦૧૭ |
| નોંધણી તારીખ | ૨૩–૧૧–૨૦૧૭ |
| ફેંસલ તારીખ | ૧૮–૧૧–૨૦૨૫ |
| સમયગાળો | વર્ષ....માસ..... દિવસ... |

# મે. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, મુ. અમદાવાદ શહેર.

| | |
|---|---|
| **ફોજદારી કેસ નંબર** | **૭૨૬૮૪ / ૨૦૧૭** |
| **આંક** | **૧૨** |

**<u>ફરીયાદી</u>** :– **શ્રી સરકાર**
**(મુળ ફરીયાદી– મોતીલાલ હરખચંદ મહેતા)**

**<u>વિ રૂ દ્ધ</u>**

**<u>આરોપીઓ</u>** :–

(૧) **ભગતસિંહ છગનસિંહ દેવલ (શીખ), (એબેટ)**
**(કેસની ચાલુ કાર્યવાહી દરમ્યાન અવસાન પામેલ છે.)**
**રહે. ૬૪૮, ધ્વારીકાપુરી મેઈન, સુદામાનગર,**
**ઈન્દોર, મધ્યપ્રદેશ.**
**હાલ રહે. અશ્વિનભાઈ પોલીસવાળાના મકાનમાં,**
**જે.જે.પાર્ક સોસા., આદિત્યનગર ફાટક પાસે,**
**એસ.આર.પી.ગૃપ–૦૭ સામે, નડીયાદ, જિ.ખેડા.**

(૨) **હર્ષદભાઈ ઉર્ફે લાલાભાઈ મનુભાઈ સોની, ઉ.વ.આ.૫૪,**
**રહે. મ.નં.૧૫૭૮, ખડાયતાપોળ, શાકમાર્કેટ પાસે,**
**નડીયાદ.**

**<u>એડવોકેટસ</u>** : **ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી એમ. એસ. સેંદર**
**આરોપી નં.૨ પક્ષે વિ.વ.શ્રી – વી. આર. ચૌહાણ**

**<u>ગુનો :– ઈ.પી.કો. કલમ ૩૮૦, ૪૧૧, ૧૧૪ મુજબ.</u>**

**<u>" જ જ મે ન્ટ "</u>**

(૧) સદરહું કામના આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કોડની કલમ ૩૮૦, ૪૧૧, ૧૧૪ મુજબના ગુનાનું તહોમત છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીઓ પૈકી મરણજનાર આરોપી નં.૧ ભગતસિંહ છગનસિંહ દેવલ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર બન્ને પિતા–પુત્ર થતા હોય બન્ને જણા તા.૧૮/૦૯/૨૦૧૭ ના સવારના પોણા અગીયારથી બાર વાગ્યા દરમ્યાન ફરીયાદી રહે છે તે ચૈતન્યનગર સોસાયટી ખાતે આવેલા અને બુમો પાડેલ કે તાળા કુંચી બનાવવી હોય તો, જેથી ફરીયાદીના ત્રીજા માળનો દરવાજો બંધ થઈ ગયેલ હોય અને ખુલતો ન હોય જેથી ફરીયાદીએ તેમના મ.નં.૨/બી, ચૈતન્યનગર સોસયટી ખાતે બન્નેને દરવાજો ખોવલા બોલાવેલ અને ફરીયાદી ગ્રાઉન્ડ ફ્લોર ખાતે ગયેલ તે દરમ્યાન મરણજનાર આરોપી નં.૧ તથા કાયદાના સંઘર્ષ માં આવેલ કિશોર બન્ને જણા ફરીયાદીના મકાનના ગ્રાઉન્ડ ફલોરથી બીજા માળે આવેલ માસ્ટર રૂમમાં પ્રવેશ કરી માસ્ટર રૂમમાં આવેલ લાકડાના દરવાજાનું લોક તોડી અલગ અલગ ધાટના સોનાના ૧૦૬ તોલા દાગીના જેની કુલ કિંમત રૂ.૪,૭૭,૦૦૦/– ગણાય તે તથા રોકડ રકમ રૂ.૪૫,૦૦૦/– મળી કુલ રૂ.૫,૨૨,૦૦૦/– ની મત્તાની ચોરી કરી લઈ જઈ જેમાં થી સોનાનું એક મંગલસૂત્ર, સોનાની ચેઈન, સોનાની બંગડી નંગ–૪ તથા સોનાના પાટલા નંગ–૨ આરોપી નં.૨ ને વેચેલ જે દાગીના આરોપીએ બીલ વગર ખરીદી લઈ તે દાગીનાને ઓગાળી નાખી સોનાની રણી નંગ–૦૧ વજન ૯૮.૨૦૦ મી.ગ્રામની બનાવી લઈ એકબીજાની મદદગારીમાં ગુનો કરેલો, તે મુજબ ફરીયાદીએ ફરીયાદ લખાવતાં શાહીબાગ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૫૯/૨૦૧૭ થી ફરીયાદ રજીસ્ટરે લઈ, તપાસ કરી, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરાવો જણાતાં આરોપીઓને અટક કરી, આરોપીઓ સામે ઈ.પી.કોડની કલમ ૩૮૦, ૪૧૧, ૧૧૪ મુજબના ગુના બાબત ચાર્જશીટ કરેલ છે.

સદર કામની ચાલુ કાર્યવાહી દરમ્યાન આ કામના આરોપી નં.૧ ભગતસિંહ છગનસિંહ દેવલ

નાઓ તા.૨૯/૦૬/૨૦૨૪ ના રોજ અવસાન પામેલા હોય અને તેઓનો મરણનો દાખલો સદર કામે રજુ થયેલ હોય આરોપી નં.૧ સામેનો કેસ એબેટ કરવામાં આવેલો છે.

(૩) આરોપી નં.૨ નાઓ કોર્ટમાં હાજર થતાં, આરોપીને ક્રી.પ્રો.કો.કલમ ૨૦૭ મુજબ ચાર્જશીટ તથા પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે અને તે મળી ગયાની ખાત્રી કરવામાં આવેલ છે. આરોપી નં.૨ સામેના ગુનાના આંક–૦૬ ના તહોમતનામાની હકીકત વાંચી, સંભળાવી આરોપીનું પ્રાથમીક નિવેદન આંક– ૦૭ થી લેતાં આરોપીએ આક્ષેપવાળા ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવા માંગણી કરેલી છે.

(૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

| ક્રમ | મૌખિક પુરાવો | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી મોતીલાલ હરખચંદજી મહેતાની જુબાની | ૦૯ |

| ક્રમ | દસ્તાવેજી પુરાવો | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૦ |
| ૨ | કલોઝીંગ પુરસીસ | ૧૧ |

(૫) આરોપી સામે વિશેષ નિવેદન નોંધવાલાયક પુરાવો રેકર્ડ પર આવેલ ન હોવાથી, ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) ત્યારબાદ, ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી નં.૨ તરફે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

(૭) કેસની હકીકતો, ફરીયાદપક્ષનો પુરાવો અને દલીલો ધ્યાને લેતાં કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયાં છે.

**'' મુ દ્દા ''**

૧) શુ ફરીયાદપક્ષ સ્પષ્ટ અને નિ:શંક રીતે પુરવાર કરે છે કે, આરોપીઓ પૈકી મરણજનાર આરોપી નં.૧ ભગતસિંહ છગનસિંહ દેવલ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર બન્ને પિતા–પુત્ર થતા હોય બન્ને જણા તા.૧૮/૦૯/૨૦૧૭ ના સવારના પોણા અગીયારથી બાર વાગ્યા દરમ્યાન ફરીયાદી રહે છે તે ચૈતન્યનગર સોસાયટી ખાતે આવેલા અને બુમો પાડેલ કે તાળા કુંચી બનાવવી હોય તો, ફરીયાદીના ત્રીજા માળનો દરવાજો બંધ થઈ ગયેલ હોય અને ખુલતો ન હોય જેથી ફરીયાદીએ તેમના મ.નં.૨/બી, ચૈતન્યનગર સોસયટી ખાતે બન્નેને દરવાજો ખોલવા બોલાવેલ અને ફરીયાદી ગ્રાઉન્ડ ફ્લોર ખાતે ગયેલ તે દરમ્યાન આરોપી નં.૧ તથા કાયદાના સંઘર્ષ માં આવેલ કિશોર બન્ને ફરીયાદીના મકાનના ગ્રાઉન્ડ ફ્લોરથી બીજા માળે આવેલ માસ્ટર રૂમમાં પ્રવેશ કરી માસ્ટર રૂમમાં આવેલ લાકડાના દરવાજાનું લોક તોડી અલગ અલગ ઘાટના સોનાના ૧૦૬ તોલા દાગીના જેની કુલ કિંમત રૂા.૪,૭૭,૦૦૦/– ગણાય તે તથા રોકડ રકમ રૂા.૪૫,૦૦૦/– મળી કુલ રૂા.૫,૨૨,૦૦૦/– ની મત્તાની ચોરી કરી લઈ જઈ જેમાંથી સોનાનું એક મંગલસૂત્ર, સોનાની ચેઈન, સોનાની બંગડી નંગ–૪ તથા સોનાના પાટલા નંગ–૨ આરોપી નં.૨ ને વેચેલ જે દાગીના આરોપીએ બીલ વગર ખરીદી લઈ તે દાગીનાને ઓગાળી નાખી સોનાની રણી નંગ–૦૧ વજન ૯૮.૨૦૦ મી.ગ્રામની બનાવી લઈ એકબીજાની મદદગારીમાં ઈ. પી. કો. કલમ ૩૮૦, ૪૧૧, ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨) શું હુકમ ?

(૮) **<u>ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નીર્ણયો નીચે મુજબ છે.</u>**

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૯) **<u>ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.</u>**

**<u>:: કા ર ણો ::</u>**

**<u>મુદ્દા નંબર:–૧</u>**

આ કામે ઉપરોકત રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન ધી ઈ.પી.કો. કલમ ૩૮૦, ૪૧૧ તથા ૧૧૪ મુજબના ગુનાના આવશ્યક તત્વો ધ્યાને રાખીને કરવામાં આવેલ છે.

**(૧૦)** ભારતીય પુરાવા ધારા કલમ–૩ તથા ૧૬૫ ના પ્રબંધો ધ્યાને લેવામાં આવે તો પુરાવાના કાયદાથી પ્રસ્તુત જાહેર કરેલ હકિકતોના આધારે અદાલતે ફેંસલો આપવો જોઈએ. આ કામે પુરાવાનું મુલ્યાંકન ભારતીય પુરાવા ધારા કલમ–૧૦૧ થી ૧૧૫ ના પ્રબંધો મુજબ કરવામાં આવેલું છે. ફોજદારી ઈન્સાફી કાર્યવાહીનો સિધ્ધાંત છે કે, ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ ભારતીય પુરાવા ધારાની કલમ–૩ માં જણાવ્યા પ્રમાણે સાબીત તથા ના–સાબીતની વ્યાખ્યાઓ મુજબ વ્યાજબી શંકાથી પર રીતે સાબીત કરવો પડે અને જો ફરીયાદપક્ષના કેસમાં કોઈપણ પ્રકારની શંકા ઉભી થાય તો તેનો સીધો લાભ આરોપીઓને મળે અને આરોપીઓ જો તેમનો બચાવ સાબીત કરવો હોય તો તેઓએ તેમનો બચાવ પ્રિ–પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંત મુજબ સાબીત કરવો જોઈએ અને જો કોઈ કેસમાં આરોપીઓપક્ષે બચાવ લેવામાં આવેલ ન હોય કે નબળો બચાવ કરવામાં આવેલ હોય તો તેથી તેનો લાભ ફરીયાદપક્ષને મળે નહી અને વ્યાજબી શંકાથી પર ફરીયાદપક્ષનો કેસ સાબીત થાય નહીં અને જેથી ફરીયાદપક્ષે તેમનો કેસ સાબીત કરવા અંગે સાબીતીનો ભાર હંમેશા ફરીયાદપક્ષ ઉપર જ રહે છે તે કયારેય આરોપીઓપક્ષ ઉપર આવતો નથી. આ કામે રેકર્ડ જોતા આરોપીઓ પક્ષે ઈ.પી.કો.ક.૭૬ થી ૧૦૬ મુજબનો કોઈ સ્પષ્ટ બચાવ આ કામમાં લેવામાં આવેલ

નથી અને જેથી ભારતીય પુરાવા ધારાની કલમ–૩, ૧૦૧ થી ૧૧૫ ના પ્રબંધો ધ્યાને લઈ સદર કામમાં પુરાવો ધ્યાને લેવામાં આવેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા Jayantilal Kuberdas Sharma vs State of Gujarat ((2007) 1 GLR 99) માં ઠરાવેલ છે કે,

> The Court must bear in mind the set up and the circumstances in which the crime is committed, the quality of evidence, nature and temperament of the witnesses, the level of understanding and power of perception and examination of individual witness and probability in ordinary course of nature about the act complained of as might have been witnessed by the witnesses.

ઉપરોકત સિધ્ધાંત મુજબ રજુ પુરાવાનું મુલ્યાંકન કરી નિર્ણય લેવો જોઈએ.

**(૧૧)** ફરીયાદપક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા આંક–૦૯ થી ફરીયાદી મોતીલાલ હરખચંદજી મહેતા નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવતાં તેઓએ જણાવેલ છે કે, બનાવ સને–૨૦૧૭ ની સાલમાં બનેલ હતો. તેઓના રૂમનો દરવાજો ઓટોમેટીક લોક થઈ ગયેલ હોય અને ખુલતો ન હોય તા.૧૮/૦૯/૨૦૧૭ ના રોજ ૧૦–૪૫ કલાકે એક વ્યકિત આવેલ અને તાળા કુંચીની બુમ પાડતાં તેઓની પાસે ચાર્જ ચુકવી તેઓના રૂમની ચાવી બનાવડાવેલ. ત્યારબાદ તેઓના મકાનમાં થી ચોરી થયેલ જેમાં આશરે ૧૦૦ તોલા સોનાના દાગીના ચોરી થયેલા, જે બાબતની તેઓએ ફરીયાદ કરેલી અને તેમાંની સહી ઓળખી બતાવેલ છે. ફરીયાદી, ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોવાથી વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરાવી ફરીયાદ હકીકતે સૂચક પ્રશ્નો પૂછવામાં આવેલા છે, પરંતુ કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવી શકાયેલ નથી. જયારે આરોપી પક્ષે ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓ આરોપી નં.ર ને ઓળખતા નથી અને અદાલતમાં હાજર આરોપી પાસેથી મુદ્દામાલ રીકવર થયેલ ત્યારે તેઓ હાજર ન હતા.

**(૧૨)** આ કામે ફરીયાદપક્ષ દવારા રજુ કરવામાં આવેલ પ્રસ્તૂત પુરાવાનું મુલ્યાંકન કરતાં

જણાય છે કે, ફરીયાદપક્ષના કેસ મુજબ ફરીયાદીના મકાનના ગ્રાઉન્ડ ફલોરથી બીજા માળે આવેલ માસ્ટર રૂમમાં આરોપી નં.૧ નાએ પ્રવેશ કરી માસ્ટર રૂમમાં આવેલ લાકડાના દરવાજાનું લોક તોડી અલગ અલગ ઘાટના સોનાના ૧૦૬ તોલા દાગીના જેની કુલ કિંમત રૂા.૪,૭૭,૦૦૦/– ગણાય તે તથા રોકડ રકમ રૂા.૪૫,૦૦૦/– મળી કુલ રૂા.૫,૨૨,૦૦૦/– ની મત્તાની ચોરી કરી જેમાં થી સોનાનું એક મંગલસૂત્ર, સોનાની ચેઈન, સોનાની બંગડી નંગ–૪ તથા સોનાના પાટલા નંગ–ર આરોપી નં.ર ને વેચેલ જે દાગીના આરોપીએ બીલ વગર ખરીદી લઈ તે દાગીનાને ઓગાળી નાખી સોનાની રણી નંગ–૦૧ વજન ૯૮.૨૦૦ મી.ગ્રામની બનાવી લઈ એકબીજાની મદદગારીમાં ગુનો કરેલાનો આક્ષેપ છે, જે હકીકત પુરવાર કરવા આંક–૦૯ થી ફરીયાદી મોતીલાલ હરખચંદજી મહેતાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, સદર સાહેદના પુરાવાથી બનાવવાળા સ્થળેથી તેઓના ઘરમાંથી સોનાના દાગીના કોઈ ઈસમ ચોરી ગયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. પરંતુ સદર સાહેદના પુરાવાથી સદર કામના આરોપી નં.૧ ધ્વારા ફરીયાદીના સોનાના દાગીનાની ચોરી કરવામાં આવેલ હોય કે આરોપી નં.ર એ સદર દાગીના પૈકી સોનાનું એક મંગલસૂત્ર, સોનાની ચેઈન, સોનાની બંગડી નંગ–૪ તથા સોનાના પાટલા નંગ–ર આરોપી નં.૧ પાસેથી બીલ વગર ખરીદી લઈ તે દાગીનાને ઓગાળી નાખી સોનાની રણી નંગ–૦૧ વજન ૯૮.૨૦૦ મી.ગ્રામની બનાવેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર થતી નથી. ઉલ્ટાનું ફરીયાદના અનુસંધાને તપાસના કામે તપાસ કરનાર અમલદારે કોઈ ઈસમોને પોલીસે પકડેલ હોય કે અન્ય કોઈ કાર્યવાહી તેઓની હાજરીમાં કરેલ હોય તેવું બનેલ નથી કે તપાસ કરનાર અમલદારે ફરીયાદી ધ્વારા આરોપીઓની કોઈ ઓળખપરેડ કરાવેલ હોય તેવું પણ બનેલ નથી. વળી, ફરીયાદીએ તેના પુરાવામાં આરોપી નં.ર નાઓને તેઓ ઓળખતા નથી અને મુદ્દામાલ રીકવર થયેલ ત્યારે તેઓ હાજર ન હતા તેવી હકીકત જણાવેલી છે. આથી ફરીયાદપક્ષનો પુરાવો જોવામાં આવે તો એટલો બળવાન નથી કે જેના પર આધાર રાખી આરોપીઓને તકશીરવાન ઠરાવી શકાય.

(૧૩) આમ ઉપરોકત સમગ્ર ચર્ચાએ ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો પોતાનો કેસ નિ:શંક પણે પુરવાર કરવામાં તદ્દન નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં. ૧ નો જવાબ તે રીતે નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

# '' આ ખ રી હુ ક મ ''

**(૧)** ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૪૮(૧) અન્વયે આરોપી નં.(૨) હર્ષદભાઈ ઉર્ફે લાલાભાઈ મનુભાઈ સોની, ઉ.વ.આ.૫૪, રહે. મ.નં.૧૫૭૮, ખડાયતા પોળ, શાકમાર્કેટ પાસે, નડીયાદ નાઓને ઈ.પી.કો. કલમ ૩૮૦, ૪૧૧, ૧૧૪ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**(૨)** આરોપી નં.૨ નાએ અગાઉ રજુ કરેલ જામીનખત ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭(એ) અન્વયે વધુ ૬ માસના સમયગાળા માટે અપીલ કોર્ટમાં હાજર રહેવા સારૂં ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે. અગાઉના જામીન ઉપલબ્ધ ન હોય તો નવા જામીન આપવાના રહેશે.

**(૩)** આ કામે કબજે થયેલ મુદ્દામાલ વાહન, સાયકલ તથા મોબાઈલ ફોન બાબત જો અગાઉ કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે અપીલ સમય બાદ બીનશરતી કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે. અન્યથા મુદ્દામાલના માલિકની તપાસ અને ખરાઈ કરી મુદ્દામાલ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. જયારે સદર કામે કબજે મુદ્દામાલ સોનાના દાગીના તથા સોનાની રણી ફરીયાદીને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે, જયારે અન્ય મુદ્દામાલ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ – ૧૮ માહે નવેમ્બર સને : ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :– ૧૮–૧૧–૨૦૨૫.
અમદાવાદ.

**( એસ. જે. પંચાલ )**
**ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**અમદાવાદ શહેર.**
**યુનિક કોડ નં. જીજે–૦૦૮૬૪.**